ક્રમાંકઃ પ્રાશિનિ/ગ-સેવા/સેવા સળંગ/OPS/૨૦૨૫/૮૬૪-૯૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.તાઃ- ૨૩/૦૯/૨૦૨૫.

પ્રતિ,
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી-તમામ
શાસનાધિકારીશ્રી-**તમામ**

**વિષયઃ-** અગાઉની સેવા સળંગ ગણવા તથા જુની પેન્શન યોજના સમાવવા અંગેની દરખાસ્ત બાબતે.

**સંદર્ભઃ-** ૧.નાણાં વિભાગના તાઃ- ૦૮/૧૧/૨૦૨૪ના ઠરાવક્રમાંકઃ- નવપ/૧૦/૨૦૨૦ઓ-૬૪૦/પી.
૨. નાણાં વિભાગના તાઃ- ૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવક્રમાંકઃ- નવપ/૧૦/૨૦૨૦ઓ-૬૪૦/પી
૩.અત્રેની કચેરીના એન્ડોર્સમેન્ટ પત્રક્રમાંકઃ-પ્રાશિનિ/ક-નિતી/૨૦૨૫/૭૪૧-૭૯૩, તાઃ-૨૨/૦૪/૨૦૨૫.
૪.અત્રેની કચેરીના પત્રક્રમાંકઃ પ્રાશિનિ/ગ-સેવા/OPS/૨૦૨૫/૨૭૬-૩૨૮,તાઃ-૧૭/૦૬/૨૫.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, નાણાં વિભાગના સંદર્ભ-૧ અને ૨ ના ઠરાવથી જુની પેન્શન યોજનાનો લાભ આપવા અંગે વિગતવાર સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે આ કચેરીના સંદર્ભ-૩ ના એન્ડોર્સમેન્ટ પત્રથી આનુષાંગિક કાર્યવાહી અર્થે તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિઓને જાણ કરવામાં આવેલ છે.

આ કચેરીના સંદર્ભ-૪ ના પત્રથી રાજયની સરકારી પ્રાથમિક શાળાઓમાં કાર્યરત પ્રાથમિક શિક્ષકો/મુખ્ય શિક્ષકોને જુની પેન્શન યોજનાનો લાભ આપવા બાબતે જરૂરી સુચનાઓ આપવામાં આવેલ છે.

આપના તાબા હેઠળની સરકારી પ્રાથમિક શાળાઓમાં સંદર્ભ-૧ ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા **પ્રાથમિક શિક્ષકમાંથી સીધી ભરતીથી મુખ્ય શિક્ષક(HTAT)માં જોડાયેલ હોય અને શિક્ષણ વિભાગના તાઃ- ૨૭/૦૮/૨૦૧૨ મુજબ સંબંધિત જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રી દ્વારા સેવા સળંગ ગણવાના** આદેશ કરવામાં આવેલ છે તેવા કિસ્સાઓ તેમજ અન્ય સંવર્ગની સેવામાંથી પ્રાથમિક શિક્ષક/મુખ્ય શિક્ષક તરીકે જોડાયેલ હોય તેવા તમામ કિસ્સાઓમાં અગાઉની સેવા સળંગ ગણવા નાણા વિભાગની મંજૂરી લેવા માટે રજુ કરવાની અંગેની દરખાસ્તો અંગે **તા.૨૯/૦૯/૨૦૨૫ બાદ** શિક્ષણ વિભાગના પરામર્શમાં કેમ્પનું આયોજન કરવામાં આવનાર છે. કેમ્પની તારીખ અંગેની જાણ અલગ પત્રથી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

**સુચનાઓઃ-**

1. જિલ્લા ખાતેથી આ કચેરીને રજુ દરખાસ્તમાં લાગુ પડતા ચેકલીસ્ટમાં દર્શાવેલ વિગતોને લગત તમામ આધાર પુરાવા ચકાસી અને પ્રમાણિત કરી રજુ કરવાના રહેશે.
2. જે પ્રાથમિક શિક્ષક/ મુખ્ય શિક્ષકની સેવા સળંગ કરવા અર્થે આ કચેરીને રજુ કરવાની દરખાસ્તમાં **નાણાં વિભાગના તાઃ- ૨૯/૦૮/૨૦૦૩ ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ તેમજ કર્મચારીઓની સેવાકીય વિગતો દર્શાવતું પત્રક તથા** સંદર્ભ-૪ ના પત્ર સાથેના **તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં ફિક્સ પગારમાં નિમણૂક નિમણૂંક થયેલ તેઓ માટે ચેકલિસ્ટ-૧ મુજબ (અસલ સેવાપોથી તેમજ જરૂરી તમામ આધાર પુરાવા સહિત)** તથા **તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ પહેલાં પસંદગી પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય અને વહીવટી કારણોસર અથવા કોર્ટ કેસ પડતર હોવાના કારણે ફિક્સ પગારમાં નિમણૂક**

**તાઃ- ૦૧/૦૪/૨૦૦૫ ના રોજ કે ત્યારબાદ આપવામાં આવેલ હોય તેવા** મુખ્ય શિક્ષકોની દરખાસ્ત સાથે સંદર્ભ-૪ ના પત્ર સાથેના **ચેકલિસ્ટ-૨ મુજબ (અસલ સેવાપોથી તેમજ જરૂરી તમામ આધાર પુરાવા સહિત)** જરૂરી આધાર પુરાવા સામેલ રાખી, આપના સ્પષ્ટ અભિપ્રાયસહ દરખાસ્ત કેમ્પમાં રજુ કરવાની રહેશે.

માન.નિયામકશ્રીની સૂચનાઅનુસાર,

**આપનો વિશ્વાસુ**

**(આર.આર.પટેલ)**
**શ્રેયાન અધીક્ષક**
**પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી**
**ગુ.રા. ગાંધીનગર**

**બિડાણઃ-**

(૧) સંદર્ભ-૪ ના પત્ર સાથેના ચેકલિસ્ટ-૧ અને ૨
(૨) નાણાં વિભાગના તાઃ- ૨૯/૦૮/૨૦૦૩ ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ
(૩) કર્મચારીઓની સેવાકીય વિગતો દર્શાવતું પત્રક